# ગુજરાત એટીએસ દ્વારા આરોપીઓને સાથે રાખી કરાયું કિશન ભરવાડની હત્યાનું રિકન્સ્ટ્રકશન

(પ્રતિનિધિ)અમદાવાદ,તા. ૪

દેશભરમાં ચર્ચિત કિશન ભરવાડ હત્યાની ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતુ. ગુજરાત એટીએસની ટીમે ૨ આરોપીઓને સાથે રાખીને ધંધુકા કે જ્યાં કિશન ભરવાડની હત્યા કરવામાં આવી હતી ત્યાં લઇ જઇને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યુ હતું. આ હત્યા કેસના બંને આરોપીઓએ શબ્બીર ઉર્ફે સાબા ચોપડા (રહે.મલવતવાડા, ધંધુકા) અને ઈમ્તિયાઝ ઉર્ફે ઈમ્તુ પઠાણે (રહે. કોઠીફળી,ધંધુકા) કિશન ભરવાડની હત્યા કરી હતી. નોંધનીય છે કે, ૨૫ જાન્યુઆરીએ કિશન ભરવાડની ફાયરિંગ કરી હત્યા કરવામાં આવી હતી. આરોપી શબ્બીરે ફાયરિંગ કર્યું હતું જ્યારે ઈમ્તિયાઝ બાઇક ચલાવતો હતો

દરમિયાન ધંધુકામાં કિશન ભરવાડના હત્યા કેસમાં હથિયાર અને પૈસા પૂરાં પાડવના આરોપ હેઠળ ઝડપાયેલા ત્રણ આરોપીઓના સાત દિવસના રિમાન્ડ ગ્રામ્ય કોર્ટે મંજૂર કર્યા છે. કિશન ભરવાડ પર ગોળીબાર કરવા માટે આરોપી શબ્બીરને પિસ્તોલ, કારતૂસ, નાણા અને અન્ય મદદ આપવાના આરોપમાં આરોપી મહમ્મદ રમીઝ સલીમભાઇ સેતા, મોહમ્મદ હુસૈન ઉર્ફે હુસેન મિસ્ત્રી અને મતીનઉસ્માનગની મોદનને ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. એ.ટી.એસ. કોર્ટના સ્પેશિયલ સેશન્સ જજ ડી.એમ. વ્યાસ સમક્ષ એજન્સી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે મોહમ્મદ રમીઝ સેતાએ શબ્બીરને જે પિસ્તોલ અને કારતૂસ આપ્યા હતા તે ક્યાંથી લાવ્યો હતો તેની જાણકારી મેળવવી જરૂરી છે. આ ઉપરાંત હત્યા બાદ મતીન મોદને શબ્બીરને રૂપિયા દસ હજાર રોકડ આપી હતી અને જમવાની વ્યવસ્થા કરી આપી હતી. આ નાણાં તે ક્યાંથી લાવ્યો હતો તે અંગે આરોપીઓ માહિતી આપી રહ્યા નથી. ત્રણેય આરોપીઓ રીઢા ગુનેગાર છે અને અગાઉ પણ તેમની સામે ગુના નોંધાયેલા છે. આવી રીતે ધર્મ અંગે ટિપ્પણી કરનારા કેટલાં લોકોની હત્યા તેમણે કરેલી છે અથવા હત્યાનું કાવતરું કરેલું છે તેની જાણકારી મેળવવી જરૂરી છે. એજન્સી દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માંગણી સામે સાત દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા. અહીં નોંધવું ઘટે કે, ૬ જાન્યુઆરીએ મૃતક કિશને ફેસબુક પર ધાર્મિક લાગણી દુભાય એવી પોસ્ટ મુકી હતી. જેની ૯ તારીખે ફરિયાદ થઈ અને કાર્યવાહી થઈ હતી. ફેસબુક પરની પોસ્ટને ધ્યાનમાં રાખી આયોજનબદ્ધ રીતે હત્યા કરવામાં આવી હતી. આરોપી શબ્બીર કટ્ટરવાદી વિચારધારા ધરાવે છે

કિશન ભરવાડ હત્યા કેસમાં પહેલા કહેવામાં આવી રહ્યું હતું કે, આ હત્યા કેસમાં ધરપકડ કરવામાં આવેલા દિલ્હીના મૌલાના કમરગની ઉસ્માનીનું પાકિસ્તાન સાથે કનેક્શન છે. પરંતુ હવે એટીએસએ જણાવ્યું છે કે, આ હત્યા કેસમાં પકડાયેલા આઠ આરોપીઓનું પાકિસ્તાન સાથે કનેક્શન હોવાના કોઈ પુરાવા મળ્યા નથી. આ ઉપરાંત એટીએસ એ તે પણ જણાવ્યું છે કે, મૌલાના ઉસ્માનીના કરાંચીની દાવત-એ-ઈસ્લામી સંસ્થા સાથે સંપર્કની કોઈ વિગતો મળી નથી. એટીએસની ટીમે જણાવ્યું છે કે, મૌલાનાએ લખેલા પુસ્તકોની તપાસ કરવામાં આવી રહી છે. તપાસ અધિકારી ડીવાયએસપી, એટીએસ બી.એચ.ચાવડાએ જણાવ્યું હતુ કે, દાવત-એ-ઈસ્લામી જેવું સંગઠન આમાં સંડોવાયેલું છે કે નહીં તે અંગે અમે ઘણી પૂછપરછ કરી છે પરંતુ એવી કોઈ વિગત ખુલી નથી. મૌલાના અયુબે પુસ્તકો લખેલા બોક્સ મળી આવ્યા છે. અત્યાર સુધી પાકિસ્તાન સાથેનું કોઈ કનેક્શન નીકળ્યું નથી. અંડરવર્લ્ડ સાથે પણ કનેક્શન હોય તેવી કોઈ વિગત હાલમાં સામે આવી નથી રહી.આ ઉપરાંત એટીએસે માહિતી આપતા જણાવ્યું હતુ કે, મૌલાના કમરગનીની કોલ ડિટેઈલ્સની પણ અમે તપાસ કરી છે પરંતુ હજી સુધી દેશ બહારના તેના સંપર્કો અંગે કોઈ વિગત મળી આવી નથી. મૌલાના કમરગનીનું ટીએફઆઈ નામનું સંગઠન છે. અમે કમરગનીની પૂછપરછ કરી છે તેમાં તેમણે એવું કહ્યું છે કે, મારું સંગઠન કોઈ આવી ગુસ્તાખી કરે તેના વિરુદ્ધ કાયદાકિય લડાઈ લડવી તે માટેનું છે. તેમના ફન્ડિંગ વિશે જણાવતા અધિકારીએ કહ્યું હતું કે, અમે તેમના ફન્ડિંગ વિશે તપાસ કરી છે અને તેમની પાસે બેન્ક ડિટેઈલ્સ પણ માંગી છે. જોકે, પૂછપરછ દરમિયાન તેમણે કહ્યું હતું કે, અમે મેમ્બર્સ બનાવતા હતા અને પ્રત્યેક મેમ્બર પાસે દરરોજની એક રૂપિયો ફી રાખતા હતા એટલે દર વર્ષે એક મેમ્બરની ૩૬૫ રૂપિયા ફી થતી હતી.

## ગીર અભ્યારણ્ય પાસે ગેસ લાઇન પ્રોજેક્ટ મુદ્દે

# કેન્દ્ર સરકારે પોતાનો પક્ષ રજુ નહી કરતા હાઇકોર્ટે નારાજગી વ્યક્ત કરી

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૪

ગીર અભયારણ્યમાં સિંહોના અકાળે મૃત્યુ મુદ્દે થયેલી જાહેર હિતની અરજી મામલે ગુજરાત હાઇકોર્ટ કેન્દ્ર સરકારના વલણ સામે ગુજરાત હાઇકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલે કોર્ટ મિત્ર દ્વારા ૨૦૨૧, માર્ચ મહિનામાં જ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જે સંદર્ભે રાજ્ય સરકારે પોતાનો જવાબ કોર્ટ સમક્ષ રજુ કર્યો હતો. જો કે હજી સુધી કેન્દ્ર સરકારે પોતાનો પક્ષ રજુ નહી કરતા હાઇકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત કોર્ટે સવાલ કર્યો કે, ગીર અભયારણ્યમાં ગેસ અને ઓઇલની પાઇપ લાઇન સંદર્ભે એક્સપર્ટનો અભિપ્રાય ક્યાં છે? તે સત્વરે રજુ કરવામાં આવે અને આ મામલે આગામી સુનાવણી ૨૪ ફેબ્રુઆરીએ હાથ ધરવામાં આવશે.

ગીર અભયારણ્યમાં હાલ મીટર ગેજથી બ્રોડગેજ રેલવે લાઈન કરવાનો પ્રોજેક્ટ અને સાથે સાથે આ જ વિસ્તારમાંથી જમીનની અંદર ગેસની પાઈપલાઈન પ્રોજેક્ટની સામે સુઓમોટો થઈ હતી. જોકે હવે રેલવે વિભાગે બ્રોડગેજ પ્રોજેક્ટ મોકૂફ રાખ્યો હોવાથી તે મુદ્દો સુઓમોટો અરજીનો નિકાલ કરી દેવાયો હતો. જોકે ગેસ લાઇનનો પ્રોજેક્ટ અંગે કોર્ટ મિત્ર હેમાંગ શાહે માર્ચ ૨૦૨૧માં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો હતો.આ પ્રસ્તાવિત પ્રોજેક્ટ ગીર અભયારણ્યથી અંદાજે ૪ કિમીના અંતરે હોવાથી સિંહો માટે જોખમકારક સાબિત હોવાનું ગણાવ્યો હતો. જોકે આ મામલે રાજ્ય સરકારે પોતાના જવાબ રજૂ કર્યો હતો. જો કે કેન્દ્ર સરકારે હજી સુધી જવાબ રજુ નથી કર્યો. જેથી હાઇકોર્ટે તત્કાલ જવાબ રજુ કરવા માટે જણાવ્યું છે. આ ઉપરાંત કોર્ટે રાજ્ય સરકારને એ પણ સવાલ કર્યો છે કે 'આ પ્રોજેક્ટને લઈને કોઈ એક્સપર્ટનો અભિપ્રાય લેવામાં આવ્યું છે કે નહીં?'આ ઉપરાંત રાજ્ય સરકારે પોતાની એફિડેવિટમાં પ્રસ્તાવિત ગેસ લાઇન પ્રોજેક્ટ અંદાજે ૪ કિલોમીટર દુર હોવાની કબુલાત કરી હતી. હવે નવી એફિડેવિટમાં પ્રોજેક્ટ ૧૦ કિલોમીટર દુર હોવાનો દાવો કર્યો હતો.

# આમ આદમી પાર્ટીના સુરતના પાંચ કાઉન્સિલર ભાજપમાં જોડાયા

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૪

સુરતના પાંચ કોર્પોરેટર આજે ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે વિધિવત જોડાઇ જતા આમ આદમી પાર્ટીને (આપ) મોટો આંચકો લાગ્યો છે. સુરતના આપના કાઉન્સિલર ભાવના સોલંકી, જ્યોતિકા લાઠીયા, ઋતા કાકડિયા, વિપુલ મોવલિયા, મનીષા કુકડીયા ભાજપમાં જોડાયા છે. ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવી, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલ અને મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલાની હાજરીમાં તમામ નેતાઓએ કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલા સુરત આપમાં ભંગાણ સર્જાયું છે. તેના પરિણામે સુરત આપમાં હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આપનો મોટો ચહેરો ગણાતા હતા તેવા મહેશ સવાણીએ આપને અલવિદા કહી દીધું અને તે જ સમયગાળામાં વિજય સુવાળાએ આપમાંથી રાજીનામું આપી ભગવો ધારણ કરી લીધો હતો.

ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા સુરત આમ આદમી પાર્ટીમાં(આપ)માં જે ભંગાણ સર્જાયું છે તેને કારણે રાજકારણ ગરમાયું છે. સુરત આપમાં જે સ્થિતિનું નિર્માણ થયું ત્યાર બાદ એક પછી એક કોર્પોરેટર પક્ષને અલવિદા કહી રહ્યા છે. બીજી બાજુ તરફ સુરતના વોર્ડ ઉપપ્રમુખ અને સંગઠન મંત્રી ગૌરવ વધાસીયાએ કોર્પોરેટર વિપુલ મોવલિયાના સમર્થનમાં રાજીનામા આપી દીધું છે. તેમનો આક્ષેપ છે કે આપ શહેર પ્રમુખ મહેન્દ્ર નાવડીયાએ વિપુલ મોવલિયા વિરુદ્ધ ખોટા આક્ષેપોના વિરોધમાં તેમણે રાજીનામા ધર્યું હતુ. તો બીજી તરફ એવી પણ ચર્ચાઓ ચાલી રહી છે કે, આમ આદમી પાર્ટીમાંથી હજુ પણ કેટલાક કોર્પોરેટરો ભાજપની સાથે જોડાઈ શકે છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે, આમ આદમી પાર્ટીમાં થતા ભંગાણને રોકવા માટે પ્રદેશના નેતાઓ શું કામગીરી કરે છે.

આમ આદમી પાર્ટીના ૫ કોર્પોરેટરોએ ભાજપનો ખેસ પહેર્યા બાદ મહિલા કોર્પોરેટર દ્વારા આપ પર શારીરિક અને માનસિક અત્યાચારના આક્ષેપ કરવામાં આવ્યા હતા. આ બાબતે રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઈ પણ મહિલા પર આ પ્રકારનો અત્યાચાર વ્યાજબી નથી. ખાસ કરીને પોલિટીકલ પાર્ટી તેમાં કામ કરતા કાર્યકર્તા પર આ પ્રકારનો અત્યાચાર આ પાર્ટીના તમામ કાર્યકર્તાઓ પર આજે એલાર્મની પરિસ્થિતિ આમ આદમી પાર્ટીની અંદર દેખાઈ રહી છે. આ બેન પરના અત્યાચારનો અવાજ ગુજરાતના એક-એક ભાઈઓ ઝીલશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજે ભારતીય જનતા પાર્ટી નહીં પણ ગુજરાતનો એક-એક નાગરિક કહી રહ્યો છે કે, આમ આદમી પાર્ટી ગુજરાતની શાંતિ અને સલામતીને ભંગ કરવાનું જે ષડ્યંત્ર ચલાવી રહી છે તે માટે ક્યાંકને ક્યાંક અનેક વાર અનેક પ્લેટફોર્મ પરથી આ વાત લોકોની સામે મૂકવામાં આવી છે. બેન દ્વારા જે કાંઇપણ ઓફિશિયલ ફરિયાદ સ્વરૂપે સરકારમાં પોલીસને જ્યારે મળશે ત્યારે તેના પર તપાસ કરીને ચોક્કસ ગંભીરતા પૂર્વક પગલાં ભરવામાં આવશે.

હું એવું માનું છું કે રાજનીતિ કરતા પણ વધારે લોકોમાં વધારે ભ્રમ ફેલાવવા અને અરાજકતા ફેલાવવી તે આમ આદમી પાર્ટીનું કામ છે. આ યુવાનો અને ભાઈ - બહેનો કે જેમને સમાજની સેવા કરવી છે તે આ ભ્રમની અંદર આવી ગયા હતા. પણ આજે તેમને સાચી દિશા પકડી છે. એટલે ગુજરાતના વિકાસની ગાડીમાં તેઓ પણ ચઢી ગયા છે. આ ગાડી આવનાર દિવસોમાં વધુ ઝડપથી ચાલશે. અહિયાં બધા લોકો ટીમ ગુજરાત તરીકે કામ કરે છે અને આજે આ લોકોનું પણ ટીમ ગુજરાતમાં સ્વાગત છે. તમારું અને મારું ભવિષ્ય ઉજ્જ્વળ છે અને તેઓ પોતાનું ભવિષ્ય ઉજ્જ્વળ કરવા માટે ભાજપની સાથે જોડાયા છે. એટલે અમે તેમનો આભાર માનીએ અને અભિનંદન પણ આપીએ છીએ.

## મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ હવે

# ધોરણ-૧૦ પછી ડિપ્લોમામાં અને ડિપ્લોમાથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મળશે

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૪

રાજયમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો યુવા હિતકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર હવે ધોરણ ૧૦ પાસ કર્યા પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળતો થશે.

મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ વધુને વધુ યુવાછાત્રોને મળે તે માટે ભૂપેન્દ્ર પટેલે આ યોજના અંતર્ગત શિષ્યવૃત્તિના લાભ વધુ સરળ બનાવ્યા છે.

રાજ્યના શિક્ષણ વિભાગે આ અંગે જારી કરેલા ઠરાવમાં જણાવાયું છે કે, વાર્ષિક ૪.૫૦ લાખ સુધીની આવક ધરાવતા પરિવારોના બાળકો-યુવાઓને આ યોજનાનો લાભ મળશે. મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવવા માટેની જે પાત્રતા નિર્ધારીત કરવામાં આવી છે તે મુજબ ધોરણ ૧૦ પછી ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફી ની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૫૦ હજાર બે પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે. ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીને ઇજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યુશન ફી ના ૫૦ ટકા રકમ અથવા રૂ. ૧ લાખ પૈકીની જે ઓછી રકમ હશે તે મળવાપાત્ર થશે.

એટલું જ નહિ, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અન્વયે શિષ્યવૃત્તિ મેળવનારા લાભાર્થીને આ મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજના નીચે પણ લાભ મળવાપાત્ર થશે. એટલે કે આ યોજના મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની પૂરક યોજના બનશે.

# ગાંધીનગરમાં યોજાનારા ૧૨માં ડિફેન્સ એક્સપોનું કાઉન્ટ ડાઉન શરૂ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે ઉદ્દઘાટન

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૪

ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટ પહેલા ૧૦થી ૧૨ માર્ચે ત્રણ દિવસ ડિફેન્સ એક્સપો યોજાશે. કેન્દ્રિય રક્ષા પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જેનું ઉદ્દઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. આ એક્સપો માટે વિશ્વના ૧૦૦થી વધુ દેશનો ડેલીગેટ્સ ડિપ્લોમેટ્સને આમંત્રણ આપવામાં આવ્યું છે. જ્યારે વીઆઇપી ડેલિગેટ્સને ધ્યાનમાં રાખીને અહીં ખાસ સુરક્ષા વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. પોલીસ આગામી સપ્તાહથી આ માટેની વ્યવસ્થાની કામગીરી શરુ કરી દેશે, આ ઉપરાંત વડાપ્રધાનના આગમનને લઇને પણ તંત્ર દ્વારા તૈયારીઓ શરુ થઇ જશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવશે. આગામી ૧૦મી માર્ચે વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે. ખૂબ જ મહત્વની ગણાતી ડિફેન્સની ઇવેન્ટ માટે વર્ષ ૨૦૨૧માં કેવડિયા કોલોની ખાતે એક બેઠક યોજાઇ હતી.

જેમાં રક્ષાપ્રધાન રાજનાથસિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં 'સર પ્રોજેક્ટ' અને ડિફેન્સને લગતા પ્રોજેક્ટ પર ચર્ચા કરવામાં આવી હતી અને એમઓયુ પણ થયા હતા. ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા દર બે વર્ષે યોજવામાં આવતા ડિફેન્સ એક્સપોના ૨૦૨૨માં યોજાનારા ૧૨માં સસ્કરણનું યજમાન ગુજરાત બનશે.સંરક્ષણ મંત્રાલયના ડિફેન્સ પ્રોડકશન વિભાગ દ્વારા ગાંધીનગરના એક્ઝિબિશન સેન્ટરમાં સંરક્ષણ સેક્ટરની પ્રદર્શની પણ યોજવામાં આવશે. આ એક્સપોથી રાજ્યમાં ડિફેન્સ ઇક્વિપમેન્ટ પ્રોડક્શન અને મેન્યુફેક્ચરીંગ સેક્ટરને નવી દિશા મળશે. આ એક્સપોમાં આર્મી, નેવી અને એરફોર્સના આધુનિક હથિયારોનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે. કેન્દ્રના ડિફેન્સ વિભાગના ઉચ્ચ અધિકારીઓ એક્સપોના સ્થળોનું નિરીક્ષણ કરવા પણ આવી રહ્યાં હોવાનું જાણવા મળે છે.

કોરોના સંક્રમણને ધ્યાનમાં લઇને રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ નો કાર્યક્રમ મોકુફ કરવામાં આવ્યો હતો. ત્યારે હવે ગુજરાત સ્થાપના દિન એટલે કે ૧ મેના રોજ રાજ્ય સરકાર દ્વારા વાઇબ્રન્ટ સમિટ ૨૦૨૨ યોજાય તેવું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું સૂત્રો તરફથી માહિતી પ્રાપ્ત થઇ રહી છે. પરંતુ તે પહેલાં માર્ચમાં વિધાનસભાના બજેટ સત્ર સમયે મહાત્મા મંદિર અને એક્ઝિબિશન શેન્ટરમાં ડિફેન્સ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે.

## રાજ્યમાં આજથી ઠંડીનો પારો ૩થી ૫ ડિગ્રી ઘટશે

# સતત બદલાતા વાતાવરણને કારણે લોકોમાં શરદી-ઉધરસ સહિતની બીમારીઓ ફેલાઇ

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૪

રાજ્યમાં આજથી ફરી ઠંડીનો ચમકારો જોવા મળશે. ગુજરાતમાં હવામાન વિભાગે ફરીથી ઠંડી વધવાની આગાહી કરી છે. રાજ્યમાં ઠંડીના વધુ એક રાઉન્ડ માટે ફરી એક રાઉન્ડ શરુ થવા જઇ રહ્યો છે. આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં તાપમાનનો પારો ગગડવાની શક્યતા હવામાન વિભાગે દર્શાવી છે. રાજ્યમાં તાપમાનનો પારો ૩થી ૫ ડિગ્રી ઘટશે, જેના પગલે રાજ્યમાં ફરી કાતિલ ઠંડીનો અનુભવ થઇ શકે છે. બે દિવસ બાદ ફરી ઠંડીમાં ઘટાડો થશે.ઉત્તરભારતમાં ઉચ્ચ પર્વતીય ક્ષેત્રમાં થઈ રહેલી હિમવર્ષાની અસર ગુજરાતમાં પણ વર્તાઈ રહી છે. ઠંડા પવનને કારણે રાજ્યમાં તપામાનનો પારો ફરી ગગડ્યો છે. તો બીજી તરફ લોકોને સાવચેતી રાખવા હવામાન વિભાગે અપીલ કરી છે. બાળકો, સગર્ભા અને વૃદ્ધો તેમજ બીમાર લોકોને સાવચેત રહેવા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી હવામાન સતત બદલાતુ જોવા મળી રહ્યુ છે. ગુજરાતમાં થોડા થોડા દિવસે તાપમાન વધતુ અને ઘટતુ જઇ રહ્યુ છે. સતત બદલાતા વાતાવરણને કારણે લોકોમાં શરદી-ઉધરસ સહિતની બીમારીઓ ફેલાઇ છે. ત્યાર બાદ કમોસમી વરસાદ પણ ઘણી વાર પડી ગયો છે. હવે ફરીથી રાજ્યમાં ઠંડીની આગાહી આપવામાં આવી છે. રાજ્યમાં સૌથી નીચું તાપમાન ગાંધીનગરમાં ૮.૭ ડિગ્રી નોંધાયુ છે. ગાંધીનગર બાદ નલિયામાં ૮.૯ ડિગ્રી, અમદાવાદમાં ૧૦.૫ ડિગ્રી, ડિસામાં ૧૦.૬ ડિગ્રી, વડોદરામાં ૧૨.૬ ડિગ્રી, અમદાવાદમાં ૧૩.૬ ડિગ્રી અને ભાવનગરમાં ૧૩.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. એક તરફ કોરોનાના કેસો વધતા જઇ રહ્યા છે ત્યારે લોકોએ બદલાતી ઋતુ વચ્ચે સ્વાસ્થ્ય વિશે ખાસ તકેદારીઓ રાખવાની જરૂર છે. હવામાનના બદલાવાના કારણે લોકો રોગચાળાની ઝપેટમાં આવી રહ્યા છે. ઘરે ઘરે શરદી ઉધરસના કેસો નોંધાઇ રહ્યા છે. આ વચ્ચે ખરેખર કોરોનાના લક્ષણોને સમજવા પણ લોકો માટે અઘરા થઇ રહ્યા છે. ત્યારે હવે ફરી રાજ્યમાં ઠંડી વધવાની આગાહી કરવામાં આવી છે જેને કારણે લોકો સાથે આરોગ્ય તંત્ર પણ ચિંતામાં મુકાયુ છે.

# ૨૪ કલાકમાં ૬૦૯૭ કોરોનાના કેસ : ૩૫ના મોત

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૪

ગુજરાતમાં કોરોનાના કેસનો ઘટવાનો સિલસિલો સતત બીજા દિવસે ચાલુ રહેવા પામ્યો છે. ગુજરાતમાં વિતેલા ૨૪ કલાક દરમ્યાન કોરોનાના નવા ૬૦૯૭ કેસ નોંધાયા છે. જે ગતરોજ કરતા ૧૯.૮૩ ટકા ઓછા નોંધાયા છે. બીજી બાજુ કોરોનાથી મોતના આંકડામાં કોઇ ઘટાડો જોવા નથી મળ્યો. વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં કોરોનાથી ૩૫ના મોત નોંધાયા છે. જેને લઇને ગુજરાતમાં કોરોનાનો કુલ મૃત્યુ આંક ૧૦૬૧૪ થયો છે. વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં ૧૨૧૦૫ કોરોના દર્દી સાજા થતાં કોરોના એકિટવ કેસનો આંક ઘટીને ૫૭૫૨૧ થયો છે. જે પૈકી ૨૪૮ કોરોના દર્દીઓ વેન્ટીલેટર પર છે.

વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં નોંધાયેલા ૬૦૯૭ કેસમાં અમદાવાદમાં ૨૦૨૫, વડોદરામાં ૧૫૧૨, રાજકોટમાં ૩૧૨, સુરતમાં ૩૫૮, ગાંધીનગરમાં ૨૭૮, ખેડામાં ૧૮૧, મહેસાણામાં ૧૬૩, કચ્છમાં ૧૫૧,ભાવનગરમાં ૯૪, આણંદમાં ૮૯, બનાસકાંઠામાં ૮૮, જામનગરમાં ૮૬, સાબરકાંઠામાં ૮૦, મોરબીમાં ૭૯, ભરૂચમાં ૬૧, પાટણમાં ૬૦, તાપીમાં ૫૯, નવસારીમાં ૫૮, વલસાડમાં ૪૨, દાહોદમાં ૨૮, જુનાગઢમાં ૨૨, દેવભૂમિ દ્વારકામાં ૨૧, અરવલ્લીમાં ૧૯, અમરેલીમાં ૧૮, ડાંગમાં ૧૮, છોટાઉદેપુર અને સુરેન્દ્રનગરમાં ૧૪-૧૪, ગીરસોમનાથ અને મહીસાગરમાં ૧૩-૧૩, નર્મદામાં ૯, પોરબંદરમાં ૪ અને બોટાદમાં ૧ કેસ નોંધાયો છે. વિતેલા ૨૪ કલાક દરમ્યાન ગુજરાતમાં નોંધાયેલા ૩૫ કોરોનાના મૃતકોમાં અમદાવાદ-૯, વડોદરા અને ભાવનગરમાં ૫-૫, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૩-૩, મહેસાણા અને ભરૂચમાં ૨-૨ જ્યારે ગાંધીનગરમાં ૧ મૃત્યુ નોંધાયા છે.

# રાજ્યના ૪ મહાનગરોમાં વિવિધ વિકાસ કામો માટે કુલ ૨૫૩ કરોડ રૂપિયાના કામોની મંજૂરી

(પ્રતિનિધિ)અમદાવાદ, તા. ૪

રાજ્યના મહાનગરો-નગરોમાં વિવિધ વિકાસ કામો તથા આઉટગ્રોથ વિસ્તારના કામો માટે ગ્રાન્ટ ફાળવવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગવો અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં તેમણે રાજ્યના ૪ મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા અને જામનગર માટે કુલ મળીને ૨૫૩ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે.

અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારના આઉટગ્રોથ એરિયામાં ૮૧ જેટલા રસ્તા, પેવર બ્લોક, ડ્રેનેજ લાઇન, પીવાના પાણીની પાઇપલાઇન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઇન તથા નવા હેલ્થ સેન્ટર માટે કુલ ૧૧૦ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જામનગર મહાનગરમાં પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે કુલ-૯ રસ્તાના કામો માટે ૯.૧૬ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો છે.તેમણે સુરત મહાનગરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સહારા દરવાજા રિંગરોડ ફ્લાય ઓવર બ્રીજથી કરણી માતાના ચોક સુધીના ફ્લાય ઓવરબ્રીજના કામ માટે વધારાના ૭૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. એટલું જ નહિ, વડોદરા મહાનગરમાં પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટી જનભાગીદારીના કામો, જુદા જુદા સી.સી રોડ, સ્ટ્રીટ લાઇટ, ડ્રેનેજ લાઇન તથા પાણીની પાઇપલાઇનના મળીને ૧૧૨૯ કામો માટે ૬૩.૫૩ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી છે.

# ભારતીય ક્રિકેટ ટીમ ૧,૦૦૦મી વન ડે મેચ રમવા તૈયાર

(પ્રતિનિધિ)અમદાવાદ,તા.૪

અમદાવાદ આવેલી ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડીઓ તા. ૬ ફેબ્રુઆરી,૨૦૨૨ને રવિવારે યોજાનારી વન ડે મેચ રમવા તૈયાર છે. ભારતની આ ૧,૦૦૦મી વન ડે મેચ હશે. જોકે, વેસ્ટ ઈન્ડીઝ સામે ૩ મેચની વન ડે શ્રેણી રમવા ભારતીય ટીમ અમદાવાદ પહોંચતા જ ભારતીય ટીમના ૪ ખેલાડીઓ સહિત ૭ મેમ્બર્સ કોરોના સંક્રમિત થયા હતા. તેના કારણે વન ડે શ્રેણી પર સંકટના વાદળો ઘેરાયા હતા, પરંતુ તે કોરોના સંક્રમિત ૪ ખેલાડીઓને આઈસોલેટ કરવામાં આવ્યા છે. સાથે જ હવે ભારતીય ટીમ રવિવારે પ્રથમ અને પોતાની ૧,૦૦૦મી વન ડે મેચ રમવા તૈયાર છે. મહત્વનું છે કે, ભારતીય ટીમ અમદાવાદ પહોંચી ત્યારે તેમનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં ઓપનિંગ બેટ્સમેન શિખર ધવન સહિત ઋતુરાજ ગાયકવાડ, નવદીપ સૈની અને શ્રેયસ ઐયર કોરોના પોઝિટિવ આવ્યા હતા. આ ખેલાડીઓને અન્ય ખેલાડી અલગ આઈસોલેટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત બીસીસીઆઇએ મયંક અગ્રવાલને અમદાવાદ બોલાવ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારતીય ક્રિકેટ ટીમે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ઉપર મેચ પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. છેલ્લે કરાયેલા કોરોના ટેસ્ટમાં અન્ય કોઈ ખેલાડી પોઝિટિવ આવ્યા નથીવિરાટ કોહલીએ કેપ્ટન પદેથી રાજીનામું આપ્યા બાદ રોહિત શર્માની આગેવાનીમાં આ સિરીઝ યોજાઈ રહી છે. ભારતીય ટીમ પોતાની ૧૦૦૦ની વનડે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રવિવારે રમશે. સામાન્ય રીતે સ્કવોડમાં ૧૬ ખેલાડીઓ હોય છે. ભારતીય ટીમના ચાર ખેલાડીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે.


**પશ્ચિમ રેલ્વે**

**જીઓ સેલ અને બ્લેન્કેટિંગ મટિરિયલનો ઉપયોગ કરીને ટ્રાન્ઝિશન સિસ્ટમ મૂકવી**

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબલ્યુ.એ), પશ્ચિમ રેલ્વે, ૬ઠ્ઠો માળ, એન્જી. વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦ ૦૦૮ નીચે આપેલ વિગતો મુજબ આમંત્રણો: ક્રમ નંબર (૧), એક્ઝિક્યુટિવ : ડીઇએન ( સેન્ટ્રલ ) બીસીટી, ટેન્ડર સૂચના નંબર અને તારીખ: બીસીટી/૨૧-૨૨/૨૫૧ તારીખ : ૦૩-૦૨-૨૦૨૨, કાર્ય અને સ્થાન : જોરાવાસણ-સુરત વિભાગ: - ૧૬૦ સુધીની ઝડપ વધારવાના સંબંધમાં મુખ્ય પુલના એપ્રોચ પર જીઓ સેલ અને બ્લેન્કેટિંગ સામગ્રીનો ઉપયોગ કરીને ટ્રાન્ઝિશન સિસ્ટમ મૂકવી કેએમપીએચ નવી-દિલ્હી-મુંબઈ રૂટમાં. આશરે. કામની કિંમત : રૂા. ૫૩,૬૪૩,૭૦૨.૧૦, ઇએમડી : રૂા. ૪૧૮,૨ ૦૦.૦૦, સબમિશનની તારીખ અને સમય : ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ ૧૫:૦૦ કલાકે. ખોલવાની તારીખ અને સમય: ૦૪-૦૩-૨૦૨૨ ના રોજ ૧૫:૩૦ કલાકે. કામની વિગતવાર પ્રકૃતિ વિશે, જેમાં ટેન્ડર દસ્તાવેજની કિંમત શામેલ છે (રિફંડપાત્ર નથી), ઇએમડી, પાત્રતા માપદંડ, કામની સમાન પ્રકૃતિ, વિગતવાર ટેન્ડર શરતો, કૃપા કરીને www.ireps.gov.in ની મુલાકાત લો મેન્યુઅલ ઓફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0696

લાઇક કરો : facebook.com/WesternRly



INTEGRA ENGINEERING

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

CIN : L29199GJ1981PLC028741

Registered Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
Tel. No.: +91 90999 18471, Fax No.: +91-2676-220887,
Email ID : info@integraengineering.in Website : www.integraengineering.in

**Statement of Unaudited Standalone Financial Results for the Quarter and Nine Months ended 31st December, 2021** (₹ in Lacs)

| Sl. No. | Particulars | Quarter ended 31.12.2021 | Period ended 31.12.2021 | Quarter ended 31.12.2020 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 2,690.91 | 7,412.71 | 1,788.29 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 329.82 | 1,000.09 | 286.04 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 215.28 | 691.67 | 204.75 |
| 4 | Total Comprehensive Income for the period | 215.80 | 693.26 | 202.58 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.63 | 2.02 | 0.60 |
| | (2) Diluted | 0.63 | 2.02 | 0.60 |

Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited
Shalin Sunandan Divatia
Director

Place : Mumbai
Date : 04th February, 2022



INTEGRA ENGINEERING

**INTEGRA ENGINEERING INDIA LIMITED**

CIN : L29199GJ1981PLC028741

Registered Office : Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
Tel. No.: +91 90999 18471, Fax No.: +91-2676-220887,
Email ID : info@integraengineering.in Website : www.integraengineering.in

**Statement of Unaudited Consolidated Financial Results for the Quarter and Nine Months ended 31st December, 2021** (₹ in Lacs)

| Sl. No. | Particulars | Quarter ended 31.12.2021 | Period ended 31.12.2021 | Quarter ended 31.12.2020 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | 2,690.91 | 7,412.71 | 1,788.29 |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 329.82 | 1,000.09 | 286.04 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 215.28 | 691.67 | 204.75 |
| 4 | Total Comprehensive Income for the period | 215.80 | 693.26 | 202.58 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.63 | 2.02 | 0.60 |
| | (2) Diluted | 0.63 | 2.02 | 0.60 |

Notes : 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

For INTEGRA Engineering India Limited
Shalin Sunandan Divatia
Director

Place : Mumbai
Date : 04th February, 2022

**TMB** Tamilnad Mercantile Bank Ltd
Be a step ahead in life
CIN - U65110TN1921PLC001908

**RAJKOT BRANCH**
Shop No.3 & 4, "Surya Arcade " ,
Mahatma Gandhi Road,
Jubilee Chowk , Rajkot - 360 001, Gujarat
Mo - 9979890019 Phone : 0281-2222286
Email: rajkot@tmbank.in

## Auction Sale Notice
**[Rule 8(6) And 9(1) of Security Interest(Enforcement) Rules 2002]**

Auction Sale Notice for sale of Immovable Assets under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with proviso to Rule 8(6) of the Security Interest (Enforcement) Rules, 2002.

Notice is hereby given to the public in general and in particular to the Borrower(s), mortgagor(s) and Guarantor(s) that the below described immovable property mortgaged to the Secured Creditor, the constructive possession of which has been taken by the Authorised Officer of **Tamilnad Mercantile Bank Limited., Rajkot Branch,** (Secured Creditor), will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" on 25.02.2022, for the recovery of a sum of **Rs.51,71,560.38 (Rupees Fifty One Lakh Seventy One Thousand Five Hundred Sixty and Paise Thirty Eight only)** as on 31.01.2022 due to **Tamilnad Mercantile Bank Limited., Rajkot Branch** (Secured Creditor) from **M/s.Shubh Niketan Exports (Proprietor: Mr.Ketan A Kabani) and the Guarantor Mrs. Swati Kabani, W/o, Ketan A Kabani.** The Reserve Price will be **Rs.23,00,000/-** and the earnest money deposit will be Rs.**2,30,000/-**

### DESCRIPTION OF IMMOVABLE PROPERTY

On Equitable mortgage of undivided proportionate share in land and office building to an extent of 320 sq.ft. (29.74 sq.mt) City S.Ward No.14, S.No.674/4-5-6/p , City S No.2678/A-1, " Surya Arcade "office No.404, 4th Floor , Panchnath street No.1/12 corner, Mahatma Gandhi Road, Jubilee Chowk, Rajkot standing in the name of Mr.Ketan Aravindbhai Kabani ( Proprietor)
Boundaries: North: Office No.405, South : Office No.403
East: Passage and Office No.407, West : Margin Space

| | |
|---|---|
| **Place of Auction** | **Tamilnad Mercantile Bank Ltd, Rajkot Branch, Shop No.3 & 4 , " Surya Arcade" , Mahatma Gandhi Road, Jubilee Chowk, Rajkot -360 001 Ph - 0281- 2222286, Mobile No.9979890019** |
| Date and Time of Auction Sale | **25.02.2022 at 03.00 PM** |

For detailed terms and conditions of the sale, please refer to the link provided in secured creditors website (www.tmb.in)

**Authorised Officer**
**Tamilnad Mercantile Bank Limited**
**Ahmedabad Region**
**(For Rajkot Branch)**

**Date: 04.02.2022**
**Place: Rajkot**

---

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

**BANK OF BARODA, ROSARB VALSAD**
Regional Office Valsad, 1st Floor, Mahalaxmi Tower, Tithal Road, Valsad - 396001. Phone : 02632-241454, Email : sarbul@bankofbaroda.com

**APPENDIX-IV** **POSSESSION NOTICE** **[See Rule 8(I)]**

Whereas,
The undersigned being the Authorized Officer of the Bank of Baroda under the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of Powers conferred under Section 13 read with the Security Interest (Enforcement) Rules, 2002, issued demand notices dated **25.09.2017** calling upon the Borrowers/ Guarantor/ Mortgagor, **Mrs. Reena Mehta, Mr. Virendra Jugalkishor Mehta, Mr. Shailendra Jugalkishor Mehta, Mr. Ankit Parmanand Mehta** to repay the amount mentioned in the notice being **Rs. 53,19,276.72 (Rupees Fifty Three Lakhs Nineteen Thousand Two Hundred Seventy Six and Paisa Seventy Two only)** as on 31.07.2017 with further interest and expenses within 60 days from the date of notice/date of receipt of the said notice.
The Borrowers/ Guarantor/ Mortgagor having failed to repay the amount, notice is hereby given to the Borrowers/ Guarantor/ Mortgagor and the public in general that the undersigned has taken **possession** of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with Rule 8 of the said Rules on this **2nd day of February of the year 2022**.
The Borrowers/ Guarantor/ Mortgagor in particular and the public in general is hereby cautioned not to deal with the property and any dealings with the property will be subject to the charge of the **Bank of Baroda** for an amount of **Rs. 53,19,276.72 (Rupees Fifty Three Lakhs Nineteen Thousand Two Hundred Seventy Six and Paisa Seventy Two only)** as on 31.07.2017 and interest & expenses thereon until the full payment.
The borrower's attention is invited to provision of sub-section (8) of section 13 of the Act, in respect of time available, to redeem the secured assets.

### DESCRIPTION OF IMMOVABLE PROPERTY

EM of residential Flat No. 203, 2nd Floor, Admeasuring 961 Sq.Ft. of carpet area inclusive of flower bed and dry Balconies and all such areas which are part of FSI in the building known as TATVA in URJA Wing and parking spaces No. B-62, in the Basement/Podium 1/Podium 2/Under Stilts, admeasuring 148 sq.ft. situated, being and lying at Village Magathane, Taluka Boriwali, in the Registration District and Sub District of Mumbai Sub-urban, Survey No. 132 (Part), Sr. No. 134, Hissa No. 1 part bearing C.T.S. No. 68-A. **Sd/-**

**Date : 02.02.2022** **Authorised Officer**
**Place : Mumbai** **Bank of Baroda**

---

## PUBLIC NOTICE, ENVIRONMENTAL CLERANCE

It is hereby informed that the Ministry of Environment, Forest & Climate Change (MoEFCC), Indira Paryavaran Bhavan, Jorbagh Road, New Delhi - 110003, has accorded Environmental Clearance for Setting up Specialty Chemicals, Pesticides Intermediates & Pesticides Technical Manufacturing Plant by **M/s. Krishna Solvechem Ltd** at Plot No. T/75, Saykha Industrial Estate, Taluka Vagra, District Bharuch, Gujarat EC Identification no. EC21A017GJ159869 & vide letter No. IA-J-11011/48/2021-IA-II(I) dated 27th September. 2021 **under the provision of EIA Notification dated 14th September 2006.**

**copies of Clearance letter are available at GPCB and website of http:// parivesh.nic.in/.**

**AUTHORIZED SIGNATORY**
**M/s. Krishna Solvechem Ltd**

**Date: 13/10/2021**

---

पंजाब नैशनल बैंक punjab national bank

Punjab National Bank, Circle Office, Surat 4th Floor, Tulsi Krupa Arcade, Aai Mata Chowk, Surat Bardoli Road, Surat: 395010

## REQUIRE PREMISES ON RENT

At following place having carpet area on **Ground Floor / Mezzanine Floor** as per details given below

| Sr. No. | Name of Station | Purpose | Area | Offers to be submitted to | Forms Available at PNB Branch |
|---|---|---|---|---|---|
| 1 | Lalgate | ATM | 80 (+/-) 20% | PNB, Circle Office, Surat | BO: Lalgate & Circle Office, Surat |

**Location requires nearby: Balaji Road, Lalgate Surat Gujarat: 395003**

Interested parties for above sites may submit their offers in two separate covers separately for each site subscribed- **1. Technical Bid & 2. Price Bid** at **Punjab National Bank, Circle Office, Tulsi Krupa Arcade, 4th Floor, Aai Mata Chowk, Surat-395010 (Ph.0261-2701016/17).** Prescribed application forms may be obtained from the above-mentioned office on payment of **Rs.295/- (i.e., Rs.250 + 18% GST) (Non-Refundable)** through **Demand Draft favoring Punjab National Bank,** payable at Surat. **Technical Bid** should contain details such as location, floor, type of construction, basic amenities, approved plan, BU permission for commercial purpose, title clearance certificate, parking facility, details of mortgage of propose property with any financial institution and other relevant particulars. **Price Bid** may contain monthly rent per Sq. Ft., Carpet area, society/ complex maintenance charges, taxes and availability for possession. **Bank Management reserves all rights to accept or reject offers without assigning any reason at any stage.**

**Last Date for Submission of Application: 18.02.2022**

---

यूनियन बैंक Union Bank of India
आन्ध्रा Andhra कार्पोरेशन Corporation

**Athwalines Branch**
**BSNL Doorsanchar Bhavan, Karimabad, Ghoddod Road, Surat - 395 001**
**Tel : 0261-2232403, Email : athwalinessurat@unionbankofindia.com**

## DEMAND NOTICE UNDER SEC.13 (2)

**Ref.No.Athwa/Adv/2021-2022** **Date : 30.12.2021**
**To,**
**(1) Mr.Umeshbhai Vitthalbhai Patoliya (Borrower)**
Add : Flat No.A-304, Ganga Residency, Causeway Char Rasta Surat - 395004
Add : 2 - Shop no 2, Ground Floor Subham Complex, Opp. Sahaj corner Signanpore Garn, Katargam Surat-395004
**(2) Mr. Ashokbhai Vitthalbhai Patoliya (Guarantor)**
Add : Flat no 504, Welcome Residency, Near Shrushti Row House, Sayan Road Chorasi Surat-394017
**Dear Sir/Madam,**
**SUB: Enforcement of Security Interest Action Notice-In connection with the Credit facilities enjoyed by Mr. Umeshbhai Vitthalbhai Patoliya with our Athwalines Branch Classified as NPA**
We have to inform you that your account Number **582006680000032 Name Mr. Umeshbhai Vitthalbhai Patoliya** has been classified as NPA account pursuant to default in making repayment of dues/ installments/ interests. **As on 29/12/2021**, a sum of **Rs. 5,53,329.89 (Rupee Five Lacs Fifty three Thousand Three Hundred Twenty nine And Eighty nine Paisa Only)** is outstanding in your account as shown below.

| Type of Facility | Loan Sanctioned (in Rs.) | Existing ROI | Rate of Interest | Total Outstanding (Incl. of Int. Charged up to 29.11.2021 (in Rs.) |
|---|---|---|---|---|
| **Home Loan** | **6, 95,000.00/-** | **29/12/2021** | **11.15%** | **5,53,329.89** |

In spite of our repeated demands, you have not paid any amount towards the amount outstanding in the account and you have not discharged the liabilities.
We do hereby call upon you in terms of Section 13 (2) of the Securitization and Reconstruction of Financial Assets and enforcement of Security Interest Act, 2002, to pay a sum of **Rs. 5,53,329.89 (Rupee Five Lacs Fifty three Thousand Three Hundred Twenty nine And Eighty nine Patsa Only)** together with interest calculated at the contractual rate with monthly
Rest as per terms and conditions of loan documents executed by you and discharge your liabilities is full within 60 days from the date of receipt of this notice, failing which, we shall be constrained to enforced the following securities created by you in favour of the bank by exercising any or all of the rights given under the said Act.

**DETAILS OF THE SECURED ASSETS:**
Land & Building : Shop no 2, Situated at ground floor of Subham Complex, Opp. Sahaj corner Signanpore Garn, Katargam Surat-395004. Mortgaged by Mr. Umeshbhai Vitthalbhai Patoliya

1. Please note that if you fail to remit the dues within 60 days and if Bank exercises all its rights under this Act and if the dues not fully satisfied with the sale of proceeds of the secured assets, we shall be constrained to take appropriate legal action against you in a Court of Law/ Debt Recovery Tribunal for recovery of the balance amount from you.
2. We do hereby, by this notice invite your attention to provisions of sub-section (8) of Section 13 of the Act, in respect of time available to you, to redeem the secured assets.
3. As per Sec 13(13) of the Act, on receipt of this notice you are restrained from disposing of or dealing with the above securities except in the usual course of business without the consent of the Bank. Please note any violation of this section entails serious consequences.

**Date - 30-12-2021** **Yours Faithfully,**
**Place - Surat** **Authorized Officer**

---

यूनियन बैंक Union Bank of India
आन्ध्रा Andhra कार्पोरेशन Corporation

**Prahladnaghar Branch** Reviera Arcade, 100 Ft. Road, Nr. Auda Garden, Prahladnagar, Ahmedabad **TEL: 079-26937295,**
**Email: prahladnagar@unionbankofindia.com**

## POSSESSION NOTICE [RULE 8(1)

Whereas, the undersigned being the Authorised Officer of **Union Bank of India. Praliladnagar Branch** under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 and in exercise of powers conferred under Section 13(12) read with rule 3 of the Security Interest (Enforcement) Rules, 2002 issued a demand notice dated **10.12.2018** calling upon the Borrowers/Guarantors of **Smt. Anjanaba Dineshsinh Zala (wife and legal Heir of deceased Shri Dineshsinh Kubersinh Zala), Smt. Suryaben Kubersinh Darbar (Mother & legal Heir of deceased Shri Dineshsinh Kubersinh Zala), Smt. Harshlekha Dineshsinh Zala (Daughter & Legal Heir of deceased Shri Dineshsinh Kubersinh Zala), Master Brinda Dineshsinh Zala (Daughter & Legal Heir of Deceased Shri Dineshsinh Kubersinh Zala), Shri Pravinsinh Kubersinh Zala (Guarantor of Shri Dineshsinh Kubersinh Zala)** to repay the amounts mentioned in the notices being **Rs. 18, 44,282.80/- (Rupees Eighteen lakh Forty four Thousand Two hundred Eighty Two & Paise Eighty Only)** within 60 days from the date of receipt of the said notice.
The borrower as well as guarantors having failed to repay the full amount, notice is hereby given to the borrowers and the public in general that the undersigned has taken possession of the property described herein below in exercise of powers conferred on him/her under Section 13(4) of the said Act read with rule 8 of the said rules **on this 3rd day of February 2022.**
Borrdwer/Guarantor's attention is invited to provisions of sub-section (8) of Section 13 of the said Act. in respect of time available to redeem the secured assets.
The borrower/guarantors in particular and the public in general is hereby cautioned not io deal with the properties and any dealings with the properties will be subject to the charge ol the **Union Bank of India. Prahladnagar Branch** for the amounts **Rs. 18, 44,282.80/-** and interest thereon.

### DESCRIPTION OF IMMOVABLE PROPERTIES

**Nature / Description of collateral security indicating area & location of property:** All that part and parcel of freehold immovable properly bearing office/Shop No. FF-2 & FF- 4 in Devi Vadaj Association, Known as Divyalok Medical Centre, lying being & situate on the land of Sub plot No. 49-B of F.P No. 118 of T.P.S No. 28 of Village- Vadaj Talutka -City Within District Ahmedabad & Registration Sub District of Ahmedabad held tn the name of **Shri Dineshsinh Kubersinh Zala ( Deceased).**

**Date : 03.02.2022** **Authorized Officer**
**Place : Ahmedabad** **Union Bank of India**

---

INTEGRA ENGINEERING

# INTEGRA ENGINEERING INDIA LIMITED

**CIN : L29199GJ1981PLC028741**
**Registered Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No.:** +91 90999 18471, **Fax No.:** +91-2676-220887,
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Unaudited Standalone Financial Results for the Quarter and Nine Months ended 31st December, 2021** (₹ in Lacs)

| Sl. No. | Particulars | Quarter ended 31.12.2021 | Period ended 31.12.2021 | Quarter ended 31.12.2020 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | **2,690.91** | **7,412.71** | **1,788.29** |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 329.82 | 1,000.09 | 286.04 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 215.28 | 691.67 | 204.75 |
| 4 | Total Comprehensive Income for the period | 215.80 | 693.26 | 202.58 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.63 | 2.02 | 0.60 |
| | (2) Diluted | 0.63 | 2.02 | 0.60 |

**Notes :** 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

**For INTEGRA Engineering India Limited**
**Shalin Sunandan Divatia**
**Director**

**Place : Mumbai**
**Date : 04th February, 2022**

---

INTEGRA ENGINEERING

# INTEGRA ENGINEERING INDIA LIMITED

**CIN : L29199GJ1981PLC028741**
**Registered Office :** Chandrapura Village, Tal. Halol-389 350, Dist. Panchmahals, Gujarat.
**Tel. No.:** +91 90999 18471, **Fax No.:** +91-2676-220887,
**Email ID :** info@integraengineering.in **Website :** www.integraengineering.in

**Statement of Unaudited Consolidated Financial Results for the Quarter and Nine Months ended 31st December, 2021** (₹ in Lacs)

| Sl. No. | Particulars | Quarter ended 31.12.2021 | Period ended 31.12.2021 | Quarter ended 31.12.2020 |
|---|---|---|---|---|
| 1 | Total income from operations | **2,690.91** | **7,412.71** | **1,788.29** |
| 2 | Net Profit / (Loss) for the period before Tax | 329.82 | 1,000.09 | 286.04 |
| 3 | Net Profit / (Loss) for the period after Tax | 215.28 | 691.67 | 204.75 |
| 4 | Total Comprehensive Income for the period | 215.80 | 693.26 | 202.58 |
| 5 | Equity Share Capital | 342.45 | 342.45 | 342.45 |
| 6 | Other Equity | -- | -- | -- |
| 7 | Earnings per share of ₹ 1/- each | | | |
| | (1) Basic | 0.63 | 2.02 | 0.60 |
| | (2) Diluted | 0.63 | 2.02 | 0.60 |

**Notes :** 1. The above is an extract of the detailed format of Quarterly / Year ended Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Year ended Financial Results are available on the Company's website ( www.integraengineering.in) and on Stock Exchange website (www.bseindia.com).

**For INTEGRA Engineering India Limited**
**Shalin Sunandan Divatia**
**Director**

**Place : Mumbai**
**Date : 04th February, 2022**

---

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !

**Circle SASTRA Centre, Surat : 1ST Floor, Meghani Tower, Station Road, Surat- 395 003. Ph. : 0261-2422112, 2454543 E mail : cs8323@pnb.co.in**

**SALE NOTICE FOR SALE OF IMMOVABLE PROPERTIES THROUGH E-AUCTION**

**Date of E-Auction : 09/03/2022**
**Date & Time of Inspection : 05/03/2022**
**(Between 10.00 AM to 5.00 PM)**
**Last Date of EMD : 08/03/2022 (10.00 AM to 5.00 PM)**

E-Auction Sale Notice for Sale of Immovable Assets under the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002 read with provison to Rule 8 (6) of the Security Interest (Enforcement) Rules, 2002. Notice is hereby given to the public in general and in particular to the Borrower(s) and Guarantor (s) that the below described immovable property mortgaged/charged to the Secured Creditor, the constructive/physical/ symbolic possession of which has been taken by the Authorised Officer of the Bank/ Secured Creditor, will be sold on "As is where is", "As is what is", and "Whatever there is" on the date as mentioned in the table herein below, for recovery of its dues due to the Bank/ Secured Creditor from the respective borrower (s) and guarantor (s). The reserve price and the earnest money deposit will be as mentioned in the table below against the respective properties.

| Sr. No. | Name of Branch<br>Name of Account<br>Name & address of the Borrower / Guarantors Account | SCHEDULE OF THE SECURED ASSETS<br>Description of the Immovable Properties Mortgaged/Owner's Name (Mortgagers of property(ies) | A) Dt. Of Demand Notice u/s 13(2) of SARFAESI ACT 2002<br>B) Outstanding Amount<br>C) Possession Date u/s 13(4) of SARFAESI ACT 2002<br>D) Nature of Possession Symbolic/Physical/Constructive | A) Reserve Price (Rs. in Lacs)<br>B) EMD<br>C) Bid Increase Amount | Details of the encumbrances known to the secured creditors |
|---|---|---|---|---|---|
| 1. | **PNB-Chala**<br>**Mrs. Ashadevi Madankumar Ram & Mr. Madankumar Gangaprasad Ram**<br>Residential Flat No. E-201, 2nd floor, E Building, Shiv Sai Residency, Dungra, Vapi Nagar Palika, Tal. Vapi, Dist. Valsad, Gujarat-396191. | Residential Flat No. E-201, situated on the 2nd floor of the E building known as Shiv Sai Residency constructed on N.A. land bearing Survey No. 394/3 situated at Dungra within the Municipal limits of Vapi Nagar Palika Tal. Vapi, Dist. Valsad, Gujarat (Property owned by Mr. Madankumar Gangaprasad Ram & Mrs. Ashadevi Madankumar Ram). | A) 28.04.2021<br>**B) Rs.15,09,836.50** + further interest + charges<br>C) 28.01.2022<br>**D) Symbolic Possession** | **A) Rs.15.50**<br>**B) Rs.1.55**<br>**C) Rs.0.10** | Not Known |
| 2. | **PNB-Chala**<br>**Mr. Kiritsinh Kanubhai Rathod**<br>Flat No. 202, 2nd Floor, "GURUDEV COMPLEX" at Haria Park, Dungra, Tal. Vapi, Dist. Valsad, Gujarat - 396191 | Residential Flat No. 202, situated on the 2nd floor of the building known as GURUDEV COMPLEX constructed on NA land bearing plot no. 117 (presently computerised Survey No. 219/2/2 paikee+219/3 paikee 36) bearing Revenue Survey No. 219/2/2 paikee + 219/3 paikee, situated lying and being within at Haria Park, Dungra, Tal. Vapi, Dist. Valsad, Gujarat. (Property Owned by Mr. Kiritsinh Kanubhai Rathod). | A) 27.04.2021<br>**B) Rs.13,18,627.76** + further interest + charges<br>C) 04.12.2021<br>**D) Symbolic Possession** | **A) Rs. 18.60**<br>**B) Rs 1.86**<br>**C) Rs 0.10** | Not Known |
| 3. | **PNB-Chala**<br>**Mrs. Nitishaben Hirenbhai Patel (Borrower)** Flat No. 901, 9th Floor, Vrunda-C in Srushti Township, Opposite Power House, Umbergaon, Tal-Umbergaon, Dist : Valsad-396171<br>**Mrs. Harshila Kamlesh Patel (Guarantor)** D-304, Takshsila Ashirwad Society, Station Road, Solsumba, Umbergaon, Valsad, Gujarat-396165 | Residential Flat No. C-901, 9th Floor of the building known as "VRUNDA – C", Constructed on N.A. land bearing Survey No. 118/1+2+3 Paikee 2, now known as 118/1/2/3 Paikee 2, situated at village- Umbergaon, Taluka- Umbergaon, Dist- Valsad, Gujarat State. (Owned by Mrs. Nitishaben Hirenbhai Patel). | A) 08.08.2018<br>**B) Rs.15,85,028.04** + further interest + charges<br>C) 05.04.2019<br>**D) Symbolic Possession** | **A) Rs. 20.00**<br>**B) Rs 2.00**<br>**C) Rs 0.10** | Not Known |
| 4. | **PNB-Chala**<br>**Mr. Rajubhai Shriram Pande and Mrs. Rajeshree Rajubhai Pande**<br>Flat No.103, Gayatri Krupa Apartment, Near Chanod Gate, Vapi, Gujarat- 396195 | Row House No. B-02, situated on Ground and First Floor of the building known as "MADHUVAN ROW HOUSE", along with the land constructed on N.A. land Survey No. 29/paiki. The above said land Plots paikee Plot No. 3 which is situated at Balitha, Taluka- Vapi, Dist- Valsad, Gujarat State owned by Mr. Raju Shriram Pande. | A) 25.10.2018<br>**B) Rs.27,52,221.20** + further interest + charges<br>C) 02.01.2020<br>**D) Physical Possession** | **A) Rs. 32.70**<br>**B) Rs 3.27**<br>**C) Rs 0.10** | Not Known |
| 5. | **PNB- Vapi**<br>**Mr. Mahesh Ladak Mange**<br>(1) Row House No. 16, Valramdham Residency, Haria Park, Village-Dungra, Vapi, Gujarat.396195<br>(2) 203, Advance Co-op. Hsg. Soc. Near Ambe Mata Mandir, GIDC, Vapi, District : Valsad, Gujarat-396195 | All that piece and parcel of the property being Row House No.16, admeasuring About 67.00 Square Meters, built up area along with land area admeasuring about 57.50 Square Meters known as "VALRAMDHAM RESIDENCY, constructed on N.A land bearing survey No. 219/2/2/Paikee 1, admeasuring about Hector 0- 49 Are 57 Pratiare Situated at village- Dungra, Taluka-Vapi Distt. - Valsad Gujrat State Owned by Mr. Mahesh Ladak Mange. | A) 20.09.2021<br>**B) Rs.21,35,594.37** + further interest +expenses thereon<br>C) 28-01-2022<br>**(D) Symbolic Possession** | **A) Rs 25.60**<br>**B) Rs 2.56**<br>**C) Rs 0.10** | Not Known |
| 6. | **PNB- Chala**<br>**Mr. Nileshkumar Manilal Mewada**<br>Flat No. A-01, Kamdhenu CHSL, Near Ambaji Temple, G.I.D.C. Residential Colony, Vapi, Gujarat-396195 | Residential Flat No. 01, Ground Floor of the "A" Building known as "KAMDHENU CO-OP HSG. Soc. Ltd. Constructed on the Housing Plot No. 372, Consisting of Revenue Survey No 103/Paikee, Situated within the village limits of Vapi G.I.D.C., Taluka- Vapi, District- Valsad, Gujarat State. (Owned by Mr. Nileshkumar Manilal Mewada.) | A) 13.02.2019<br>**B) Rs.1593001.30** + further interest + charges<br>C) 13.03.2020<br>**D) Symbolic Possession** | **A) Rs.17.40**<br>**B) Rs 1.74**<br>**C) Rs 0.10** | Not Known |
| 7. | **E-ubi, Navsari**<br>**Radheshyam Babulal Soni** Room No.1, Kamal Kunj Apartment, Near Old Bus Depot, Chikhli, Taluka Chikhli, Navsari-396521<br>**Rakhi Radheshyam Soni** Room No.1, Kamal Kunj Apartment, Near Old Bus Depot, Chikhli, Taluka Chikhli, Navsari-396521 | Property situated at Chikhli, Tal. Chikhli, Dist. Navsari bearing Revenue Block No.30/A & 30/B, Sheet No.17, City Survey No.2181 and 2182 Total Land admeasuring 34454.07 sq.mtrs. paiki Plot No.16/C admeasuring 66.91 sq.mtrs. and Ground Floor plus First Floor construction standing thereupon adm. about 118.95 sq.mtrs. having name Radheshyam Babulal Soni. Bounded : East : Adjoining Plot No.6, West : Society Road, North : Adjoining Plot No.16B, South : Adjoining Plot No.16D. | A) 17/05/2019<br>**B) Rs.15,03,602.45** + further interest + expenses thereon<br>C) 12/07/2021<br>**D) Physical Possession** | **A) Rs.16.22**<br>**B) Rs 1.62**<br>**C) Rs 0.10** | Not Known |

**TERMS AND CONDITIONS :** The sale shall be subject to the Terms & Conditions prescribed in the Security Interest (Enforcement) Rules 2002 and to the following further conditions : **1.** The properties are being sold on **"AS IS WHERE IS BASIS", "AS IS WHAT IS BASIS" and "WHATEVER THERE IS BASIS". 2.** The particulars of Secured Assets specified in the Schedule hereinabove have been stated to the best of the information of the Authorised Officer, but the Authorised Officer shall not be answerable for any error, misstatement or omission in this proclamation. **3.** The Sale will be done by the undersigned through e-auction platform provided at the **Website https://www.mstcecommerce.com** on date **09/03/2022 between 11 am to 12 noon**. **4.** For detailed term and conditions of the sale, please refer **www.ibapi.in, www.tenders.gov.in, www.mstcecommerce.com, https://eprocure.gov.in/epublish/app.**

**STATUTORY SALE NOTICE UNDER RULE 8(6) OF THE SARFAESI ACT, 2002**

**Date: 05/02/2022 | Place: Surat** **Rajesh Goel, Chief Manager, Authorised Officer, Punjab National Bank, Secured Creditor**

---

# Rapicut Carbides Limited

**Regd. office : 119, GIDC Industrial Area, Ankleshwar - 393002 Gujarat**
**Tele : 7573022016/7622002203 CIN : L28910GJ1977PLC002998**
**Email : investors@rapicutcarbides.com Website : www.rapicutcarbides.com**

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE THIRD QUARTER ENDED 31ST DECEMBER, 2021**

*(Rs in Lakhs)*

| Particulars | Quarter ended 31-12-2021 (Unaudited) | Quarter ended 31-12-2020 (Unaudited) | Year ended 31-03-2021 (Audited) |
|---|---|---|---|
| 1. Total Income from Operations | 685 | 746 | 2803 |
| 2. Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (28) | (80) | (121) |
| 3. Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (28) | (80) | (121) |
| 4. Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (28) | (62) | (82) |
| 5 Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (45) | (69) | (97) |
| 6. Equity Share Capital | 537 | 537 | 537 |
| 7. Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | | 1813 |
| 8. Earnings Per Share (of Rs. 10/- each) | | | |
| 1. Basic: | (0.53) | (1.15) | (1.52) |
| 2. Diluted: | (0.53) | (1.15) | (1.52) |

NOTES:-
1. The above is an extract of the detailed format of Unaudited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the Quarterly Unaudited Financial Result is available on the below mentioned website :-
Company's Website : **http://www.rapicutcarbides.com/finance.htm,** BSE Limited : **www.bseindia.com**
2. The financial result for the quarter ended on December, 31, 2021, have been reviewed by the Statutory Auditors as required under regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015
3. The Company has only one reportable primary Business segment as per Ind AS 108 i.e. Tungsten & Tungsten Carbide Products.
4. Figures of previous periods have been regrouped to conform to the figures of the current period.

For and on behalf of the Board
**Abhishek V. Gami**
Managing Director

Place : Ankleshwar
Date : 04-02-2022